# સમગ્ર ઉત્તર ભારત ઠંડુગાર : ૨૦૦ ટ્રેન લેટ

નવી દિલ્હી,તા. ૨૯

સમગ્ર ઉત્તર ભારત કાતિલ ઠંડીના સકંજામાં છે. હાલ ઠંડીથી લોકોને રાહત મળે તેવી કોઇ શક્યતા દેખાઇ રહી નથી. જનજીવન સંપૂર્ણ ખોરવાઇ ગયું છે. કોલ્ડવેવના કારણે લોકોને ઘરમાં રહેવાની ફરજ પડી રહી છે. જમ્મુ કાશ્મીરના લેહમાં તાપમાન માઇનસ ૧૭ ડિગ્રી થઇ ગયું છે. બીજા બિહાર, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ સહિતના રાજ્યોમાં ધુમ્મસની ચાદર છવાઇ ગઇ છે. જેથી ટ્રેન અને વિમાની સેવાને પ્રતિકુળ અસર થઇ છે. લોકો જુદી જુદી જગ્યાએ અટવાઇ પડ્યા છે. ઉત્તરપ્રદેશમાં ઠંડીથી વધુ ૨૫ લોકોના મોત થયા છે. જેથી એકલા ઉત્તરપ્રદેશમાં મોતનો આંકડો વધીને ૧૨૫ ઉપર પહોચ્યો છે. હરિયાણા, પંજાબ, રાજસ્થાનના ઉત્તરીય ભાગોમાં આગામી દિવસોમાં ધુમ્મસની ચાદર યથાવત રહેશે. ઉત્તરપ્રદેશમાં ૨ થી ૬ ડિગ્રી જેટલું લઘુત્તમ તાપમાન રહ્યું છે. મિરઝાપુરમાં ૦.૫ ડિગ્રી તાપમાન રહ્યું છે. સમગ્ર ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં રેકોર્ડ ઠંડી નોંધાઈ છે. કોલ્ડવેવ અવિરત રહેતા લોકોને કોઈપણ રાહત મળી રહી નથી. આગામી દિવસોમાં પણ આવી જ સ્થિતિ રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. બીજી બાજુ રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પાંચ વર્ષની સૌથી વધુ ઠંડી નોંધાઈ છે. ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી છે પરંતુ સિમલામાં પ્રવાસીઓ ઉમટી પડ્યા છે. કારણ કે તેઓ સ્કેટિંગ માટે પહોંચી રહ્યા છે. બિહારમાં છ લોકોના મોતને સમર્થન મળી ચુક્યું છે. આ તમામ છ સહરસાજિલ્લામાં માર્યા ગયા છે. જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડના ઘણા ભાગોમાં ધુમ્મસની ચાદર છવાઈ ગઈ છે. જેના લીધે ભારે મુશ્કેલી સર્જાઈ રહી છે. અનેક અકસ્માતો સર્જાયા છે. જમ્મુ કાશ્મીર અને હિમાચલમાં મોટાભાગના વિસ્તારોમાં તાપમાન માઈનસમાં છે. હિમાચલના કેલોનમાં તાપમાન માઈનસ ૧૦.૩ ડિગ્રી થયું છે જ્યારે મનાલીમાં ૩.૮ ડિગ્રી માઈનસમાં તાપમાન રહ્યું છે. ઉંચાણવાળા વિસ્તારોમાં પાણીની પાઈપો ફાટી જવાના લીધે પણ માઠી અસર થઈ છે. ઉત્તરપ્રદેશમાં પણ આવી જ ઠંડી પડી રહી છે. આગરામાં સૌથી વધુ ઠંડી ૩.૩ ડિગ્રી થઈ છે. ધુમ્મસના કારણે વિજિબિલીટી ઘટી છે. ઉત્તર પ્રદેશમાં પણ પાંચ લોકોના મોત થયા છે. કાતિલ ઠંડીની સ્થિતી વચ્ચે શિમલામાં પ્રવાસીઓનો ધસારો જોવા મળી રહ્યો છે. ધુમ્મસના કારણે લાંબા અંતરની ટ્રેનો સહિત મોટા ભાગની ટ્રેનો મોડેથી દોડી રહી છે. હાઈવે પર વાહન ચાલકોને ભારે તકલીફ છે. જમ્મુ કાશ્મીરમાં દાલ સરોવરમાં બરફ જામી ગયો છે. હિમાચલમાં પણ કોઈ સુધારો થયો નથી.



# બેંગલોર બોંબ બ્લાસ્ટ બાદ દેશભરમાં એલર્ટ

બેંગલોર,તા ૨૯

બેંગલોરના ચર્ચ સ્ટ્રીટ વિસ્તારમાં ગઈકાલે બોમ્બ બ્લાસ્ટ થયાના એક દિવસ બાદ દેશભરમાં એલર્ટની જાહેરાત કરી દેવામાં આવી છે.આજે વ્યાપક દરોડાનો દોર જારી રહ્યો હતો. કેટલાક શકમંદોની પૂછપરછ પણ કરવામાં આવી રહી છે. ઈન્ટેલીજન્સ બ્યુરોના જણાવ્યા મુજબ આતંકવાદીઓ અલકાયદાની વેબસાઈટ પરથી બોંબ બનાવવાનું શીખી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. ફરાર થયેલા સીમીના ત્રાસવાદીઓનો હાથ આમાં હોઈ શકે છે. આ શખ્સો છેલ્લે બેલારી, બેંગ્લોરમાં નજરે પડ્યા હતા. બ્લાસ્ટના સ્થળે જે પ્રકારના પુરાવા મળ્યા છે તે દર્શાવે છે કે આમાં સીમીનો હાથ હોઈ શકે છે. ગૃહ મંત્રાલય દ્વારા રવિવારના બ્લાસ્ટના સંદર્ભમાં ચર્ચા કરાઈ છે અને આ બ્લાસ્ટ એવા જ છે જેવા પૂણે અને ચેન્નઈ તથા બીજનોરમાં થયા હતા. ફરાર થયેલા સીમીના પાંચ ત્રાસવાદીઓના મુદ્દે પણ ચર્ચા થઈ હતી. જુદી જુદી જગ્યાઓએ જુદી જુદી ટીમો મોકલવામાં આવી હોવાનો દાવો બેંગ્લોર પોલીસ કમિશનરે કર્યો છે. તપાસ ટીમને ટૂંકમાં સફળતા મળશે. મીડિયા અહેવાલમાં એવો દાવો પણ કરાયો છે કે અમોનીયમ નાઈટ્રેડ અને સાર્પનેસનો ઉપયોગ કરાયો હતો. આઈઈડીનો ઉપયોગ આમાં કરાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે ૮.૩૦ વાગે ઓછી તીવ્રતાના બ્લાસ્ટથી દેશ ફરી હચમચી ઉઠ્યું છે. આ બ્લાસ્ટ બાદ



દિલ્હી, મુંબઈ અને કોલકત્તા સહિતના વિસ્તારોમાં એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. બીજી બાજુ આ બ્લાસ્ટ મામલે હવે એસઆઈટીની રચના કરવામાં આવી છે. સાથે સાથે કેટલાક શકમંદોની પુછપરછ પણ હાથ ધરવામાં આવી છે. દરમિયાન આઈબીને એવી શંકા છે કે મોટા બ્લાસ્ટ પહેલા આ ટ્રાયલના ભાગરૂપે બ્લાસ્ટ હોઈ શકે છે. એસઆઈટીની રચના કરવામાં આવ્યા બાદ ઉંડી તપાસ ચાલી રહી છે. આ બ્લાસ્ટમાં ઘાયલ એક મહિલાનુ મોડી રાત્રે મોત થયું હતુ. મૃત્યુ પામેલી મહિલા ભવાની તરીકે ઓળખાઈ છે. તેના માથામાં ગંભીર ઈજા થઈ હતી. આ બ્લાસ્ટમાં વિનય નામના એક વ્યક્તિને પગમાં ઈજા તઈ હતી. જ્યારે સંદીપ નામના એક વ્યક્તિને પણ ઈજા થઈ હતી. આ બન્ને હાલમાં સારવાર હેઠળ છે. બ્લાસ્ટમાં કાર્તિક નામનો યુવાન પણ ઘાયલ થયો છે. બ્લાસ્ટમાં આઈઈડીનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનો દાવો બેંગલોરના પોલીસ કમીશ્નર એમએન રેડ્ડી દ્વારા કરવામાં આવ્યો છે. કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહે મુખ્યપ્રધાન સિદ્ધારામૈયા સાથ ફોન પર વાતચીત કરી હતી. કેન્દ્ર સરકારે પૂર્ણ મદદ કરવાની ખાતરી પણ આપી હતી. જ્યારે બીજી બાજુ કેન્દ્રિય કાયદા પ્રધાન સદાનંદ ગૌડાએ ટ્વીટ કરીને શાંતિ જાળવી રાખવા લોકોને અપીલ કરી હતી. તેમણે કોઈ દહેશતમાં ન રહેવા બેંગલોરના લોકોને અપીલ કરી હતી. નવા વર્ષની શરૂઆત પહેલા બ્લાસ્ટથી ચિંતાનુ મોજુ ફરી વળ્યું છે. દરમિયાન દિલ્હી, કોલકત્તા અને મુંબઈમાં એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. મોટા શહેરોના ભરચક વિસ્તારોમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે બ્લાસ્ટ પહેલા અગાઉ પણ એલર્ટ મોકલી દેવામાં આવ્યા બાદ સુરક્ષા વધારી દેવામાં આવી હતી.

**શિવસેનાએ મોદી સરકારને પડકાર ફેંક્યો**

# ઓસામા જેવું ઓપરેશન દાઉદ માટે હાથ ધરવા માટેનો પડકાર

મુંબઈ,તા. ૨૯

અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમની કરાંચીમાં ઉપસ્થિતિને સાબિત કરતી ઓડિયો ટેપ જારી કરવામાં આવ્યા બાદ કેન્દ્ર સરકારની ઝાટકણી શિવસેના દ્વારા કાઢવામાં આવી છે. શિવસેનાએ હવે જે રીતે અમેરિકાએ ઓસામા બિન લાદેનને પકડી પાડવા અને મોતને ઘાટ ઉતારી દેવા ઓપરેશન હાથ ધર્યું હતું. તે જ રીતે ડોન દાઉદને પકડી પાડવા ઓપરેશન હાથ ધરવા સરકારને પડકાર ફેંક્યો છે. ઓસામા જેવું ઓપરેશન હાથ ધરવા શિવસેનાએ અપીલ કરી હતી.શાસક એનડીએના ઘટકપક્ષ શિવસેનાએ દાઉદની ગતિવિધિ અંગેનો મુદ્દો ઉઠાવ્યો છે. તેની સામે પગલા લેવા પણ અપીલ કરી છે. સેનાના મુખપત્ર સામનામાં તંત્રી લેખમાં શિવસેનાએ કહ્યું છે કે, ખતરનાક આતંકવાદી હફિઝ સઈદ, દાઉદ ઈબ્રાહિમ અને અન્યો પાકિસ્તાનમાં આરામથી રહી રહ્યા છે. રાજકીય છત્ર પણ તેમને મળેલું છે. તેમને આતંકવાદી સાબિત કરવા અમને કોઈ પુરાવાની જરૂર નથી. આવા લોકોને પાકિસ્તાન સોંપી દેશે તે માનવા માટે કોઈ કારણ નથી. છેલ્લા ઘણા વર્ષથી આ કુખ્યાત અપરાધિઓને સોંપી દેવા અપીલ કરી રહ્યા છીએ. પરંતુ તેમના પ્રદેશમાં તેમની ઉપસ્થિતિની કબુલાત પણ પાકિસ્તાન સરકારે કરી નથી. ભારત સરકાર દાઉદ પ્રત્યે તેની આક્રમકતા દર્શાવી શકશે તેવો પ્રશ્ન હવે કરવામાં આવ્યો છે. જે રીતે અમેરિકાએ લાદેનને પકડી પાડવા માટે ઓપરેશન હાથ ધર્યું હતું. તેવું જ ઓપરેશન હાથ ધરી શકશે કે કેમ તેવો પ્રશ્ન પણ કરવામાં આવ્યો છે. સરકારે ગઈકાલે પણ દાઉદને સોંપી દેવા પાકિસ્તાનને અપીલ કરી હતી. ભારત સરકારે તેની સામે પુરતા પુરાવા આપ્યા હોવાનો દાવો પણ કરાયો છે. સેનાએ એમપણ કહ્યું છે કે, ભારત અને પાકિસ્તાનમાં છુપાયેલા આતંકવાદીઓ વચ્ચેની રમત હજુ યથાવત રીતે ચાલુ રહી શકે છે. આના કોઈ જ પરિણામ મળે તેવી શક્યતા પણ નથી. અમારી સરકાર કહી રહી છે કે તેમની ગતિવિધિ પર નજર છે પરંતુ આની પાછળનો હેતુ શું છે. આતંકવાદીઓ પણ ભારત પર નજર રાખી રહ્યા છે. આ એકબીજાને જોવાની રમત વર્ષોથી ચાલી રહી છે. દાઉદ ભારતનો મોસ્ટ વોન્ટેડ આતંકવાદી છે.

# ઈલેક્ટ્રીક વાહન માટે ૮૦૦ કરોડનુ પેકેજ ટુંકમાં જ જાહેર

નવી દિલ્હી,તા. ૨૯

નરેન્દ્ર મોદી સરકાર દેશભરમાં ઈલેક્ટ્રીક અને હાઈબ્રીડ વાહનોની માંગ અને સપ્લાયને પ્રોત્સાહન આપવા માટે હવે ૮૦૦ કરોડનુ પેકેજ જાહેર કરે તેવી શક્યતા છે. જાણકાર સુત્રોએ કહ્યું છે કે આ પેકેજની જાહેરાત આગામી બજેટમાં કરવામાં આવનાર છે. ટેકનોલોજી ડેવલપમેન્ટ અને રીસર્ચના ભાગરૂપે આ પેકેજ જાહેર કરવામાં આવનાર છે. ઈન્ફ્રાસ્ટકચર ક્ષેત્રને પણ પ્રોત્સાહન આપવામાં આવનાર છે. આ ઘટનાક્રમને સમર્થન આપતા જાણકાર સુત્રોએ કહ્યુ હતું કે મોદી સરકાર



બજેટમાં કેટલાક મોટા નિર્ણયની જાહેરાત કરી શકે છે. ૮૦૦ કરોડનુ પેકેજ આગામી બે નાણાંકીય વર્ષો માટે જાહેર કરવામાં આવનાર છે. ત્યારબાદ તેને કેવો પ્રતિસાદ મળે છે તેના આધાર પર તેને લંબાવી દેવામાં આવનાર છે. ખરીદાર માટે વાહનોના ખર્ચને લઈને પણ ચર્ચા કરવામાં આવી રહી છે. મહિન્દ્રા, તાતા અને હિરો સહિતની કંપનીઓને વેચાણને લઈને તકલીફ પડી રહી છે. ઈલેક્ટ્રીક વાહનોને હવે વધારે મહત્વ મળે તેવી શક્યતા છે.

વર્ષ ૨૦૧૦માં એમએન્ડ એમ દ્વારા બેંગલોર સ્થિત રીવામાં બહુમતિ હિસ્સો ખરીદી લીધો હતો. મેની ગ્રુપના રીવાએ ભારતમાં ઈલેક્ટ્રીક વાહનો રજૂ કરીને નવી ચર્ચા જગાવી હતી. સરકારના પેકેજથી ઈલેક્ટ્રીક વાહનોના બજારમાં તેજી આવી શકે છે. કારણ કે યુવા પેઢી હવે આવા વાહનોને જ પસંદ કરનાર છે.

# ભારતને ફટકો : લખવી મામલે અટકાયત નોટિફિકેશન અંતે રદ

ઈસ્લામાબાદ,તા ૨૯

ઈસ્લામાબાદની હાઈકોર્ટે વર્ષ ૨૦૦૮ના મુંબઈ હુમલામાં મુખ્ય આરોપી અને માસ્ટર માઈન્ડ જાકી ઉર રહમાન લખવીની અટકાયત અંગેના જાહેરાનામાને રદ કરવા વચગાળાનો આદેશ જારી કર્યો હતો. જેના પરિણામ સ્વરૂપે જેલમાંથી લખવીની મુક્તિ માટેનો માર્ગ મોકળો થયો છે. આના પરિણામ સ્વરૂપે ભારતની ચિંતામાં ફરી એકવાર વધારો થયો છે. મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ લખવીને લઈને ભારતે હાલમાં જોરદાર નારાજગી વ્યક્ત કરતા પાકિસ્તાનને નવા કાયદા હેઠળ લખવીને ફરી અટકાયતમાં લઈને જેલમાં રાખવાની ફરજ પડી હતી. જોકે, આજે ઈસ્લામાબાદ હાઈકોર્ટે ફરી એકવાર અટકાયત નોટિફિકેશનને રદ કરવાનો આદેશ જારી કરતાં તેની મુક્તિનો માર્ગ મોકળો થયો છે. ૨૬/૧૧ના આરોપીને જેલમાંથી એ વખત સુધી મુક્ત કરી શકાશે નહીં જ્યાં સુધી આદેશ ઉપર જજ દ્વારા હસ્તાક્ષર કરવામાં આવશે નહીં. ૨૬/૧૧ હુમલાના આરોપી લખવીએ શુક્રવારના દિવસે જ હાઈકોર્ટમાં



પબ્લિક સિક્યુરીટી ઓર્ડર હેઠળ તેની અટકાયતને પડકાર ફેંકીને અપીલ કરી હતી. અગાઉ પાકિસ્તાન સરકારે મુક્તિ માટેની માંગ કરતી તેની અરજીને ફગાવી દીધી હતી. દરમિયાન મુંબઈ હુમલાના આરોપીને લઈ નારાજ ભારતે જોરદાર વાંધો ઉઠાવ્યો હતો. પાકિસ્તાન મુંબઈ હુમલાના અપરાધીઓ સામે ચાલી રહેલી ટ્રાયલ સામે પણ વાંધો ઉઠાવ્યો છે. પાકિસ્તાનમાં ખૂબ ધીમી ગતિએ ટ્રાયલ ચાલી રહી છે. આતંકવાદ વિરોધી કોર્ટના જજ કૌશર અબ્બાસ જેદી દ્વારા ૧૮મી ડિસેમ્બરે જામીન મંજુર કરાયા બાદ લખવીને ફરી ત્રણ મહિના માટે અટકાયતમાં લેવામાં આવ્યો હતો. અદિલાબાદ જેલમાં તેને રાખવામાં આવ્યો છે. પાકિસ્તાન સરકારે નવા કાયદા હેઠળ તેની અટકાયત ફરીથી કરી હતી.

પ્રોસીક્યુશન વડા ચૌધરી અઝહરે કહ્યુંછે કે, સરકાર હાઈકોર્ટમાં અરજી દાખલ કરશે. ૮મી જાન્યુઆરી સુધી બે સપ્તાહની શિયાળાની રજા માટે ઉપલી કોર્ટ બંધ કરાઈ છે ત્યારે લખવીએ ઈસ્લામાબાદ હાઈકોર્ટમાં અરજી કઈ રીત કરી તે અંગે પૂછવામાં આવતા ઈસ્લામાબાદ આતંકવાદ વિરોધી કોર્ટના જજે કહ્યું હતું કે, અટકાયત તાકીદનો મામલો છે અને કોર્ટ રજાના દિવસ દરમિયાન પણ આવા કેસોને હાથ ધરી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મુંબઈમાં આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાન દ્વારા લખવીની ધરપકડ કરાઈ હતી અને તેત્યારબાદથી જ રાવલપીંડીની જેલમાં છે. જાકી ઉર રહમાન અને હફિજ સઈદ મુંબઈ હુમલામાં મુખ્ય રીતે આરોપી છે.

## સમાચાર ઝલક

- રેલ્વેમાં સૌથી વધુ કમાણી રાજકોટ ડિવિઝને ૧૪૦૦ કરોડની આવક મેળવી.
- સૌરાષ્ટ્રના મહુવાના બે યુવાનોએ બનાવેલી ગુજરાતી ફિલ્મ "આ તે કેવી દુનિયા"ની ૯મી જાન્યુઆરી પ્રસારિત થશે.
- આશારામ કેસની ગુમ થયેલી ફરિયાદી યુવતી પરત ફરી.
- સૌરાષ્ટ્રના વેરાવળ તાલુકાના બાદલપરા ગામમાં મહિલાઓનું રાજ ઘરે-ઘરે ઈન્ટરન્ટ સુવિધા દરેક ઘરે સી.સી.ટી.વી.કેમેરા સરપંચ સભ્યો શિક્ષિકો, તલાટી પણ મહિલાઓ.
- પાલીતાણામાં મહારાજ સાહેબને ટ્રક હેઠળ કચડી નાખવાનો પ્રયાસ.
- અમદાવાદમાં કાર્નિવલ કાંકરિયામાં કાર્યક્રમો આકર્ષણ જમાવતા માનવ મહેરામણ ઉમટયું.
- મહેસાણાના ખેડૂતોના જામફળમાં સુકારાના રોગથી પાક નિષ્ફળ ખેડૂતો પાયમાલ.
- ગુજરાતમાં સહકારી સંસ્થાઓમાં આમુલ પરિવર્તન આવશે.
- અમદાવાદમાં ગયા શુક્રવારે ૫૦૦૦ કરોડના ચેકોનું કિલયરીંગ ફુટપાથ પર થયું. કલીયરીંગ હાઉસ ઈતિહાસમાં પ્રથમવાર ન ખુલ્યું.
- નવા વર્ષમાં રેલ્વે, બેંક, કોલસા કેન્દ્રીય કર્મચારીઓના હડતાળની ચીમકી સરકારની મુશ્કેલી વધશે.
- દેશમાં રવિ કઠોળના વાવેતરમાં ઘટાડો નોંધાયો.
- સિંગતેલમાં આગ ઝરતી તેજી ૧૮૦૦ સપાટીએ ડબ્બો પહોચે તેવી શકયતાઓ.
- પંજાબના ભાદૌર ગામે શિવમંદિરમાં તમામ ધર્મની પુજાપાઠ કરવામાં આવે છે.
- સરહદો પર ચીનથી ખતરો હોવાનું સેનાએ સ્વીકાર્યું.
- કર્મચારીઓનું લઘુતમ વેતન ૧૫૦૦ રૂપિયાનું થશે.
- ભીંવડીમાં લાકડાના ગોડાઉનમાં આગથી ૮નાં મોત.
- શારદાકૌભાંડમાં ૭૫ કરોડ આતંકીઓને મળ્યા.
- બેંગ્લોરની ચર્ચસ્ટ્રીટમાં બ્લાસ્ટથી એકનું મોત સમગ્ર દેશમાં સાવચેતી.
- દેશમાં પાંચ વર્ષથી નીચેના ૭૦ ટકા બાળકો કુપોષણવાળા.
- ઈંગ્લેન્ડ અને ફ્રાન્સમાં બરફવર્ષાથી કાતીલ ઠંડી ફલાઈટો મોડી પડી.
- પાકિસ્તાનની જેલમાં પકડાયેલા ત્રાસવાદીઓ તાલીબાન સાથે જેલમાં પણ સંપર્કમાં
- વિશ્વમાં ઈબોલાનો મૃત્યુ આંક ૭૬૯૩ થયો.

# રિટેલ ફુગાવો ૬ ટકાની આસપાસ રહશે : રિપોર્ટ

નવી દિલ્હી, તા ૨૯

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આજે કહ્યું હતું કે, આગામી ૧૨ મહિનામાં રિટેલ ફુગાવાનો દર ૬ ટકાની આસપાસ રહેશે. રિઝર્વ બેંક માને છે કે, સીપીઆઈ ફુગાવો આગામી ૧૨ મહિના દરમિયાન છ ટકાની આસપાસ રહેવા માટે કેટલાક કારણો રહેલા છે. જો, આંતરરાષ્ટ્રીય ક્રૂડની કિંમતો વર્તમાન સપાટી પર રહેશે અને આગામી વર્ષે મોનસુન સામાન્ય રહેશે તો આ ચિત્ર સર્જાશે. આજે જારી કરવામાં આવેલા ફાઈનાન્સિયલ સ્ટેબિલીટી રિપોર્ટમાં રિઝર્વ બેંકે આ મુજબની વાત કરી છે. નવેમ્બર મહિનામાં સીપીઆઈ ફુગાવો ૪.૩૮ ટકા હતો. સીપીઆઈ ફુગાવો એક વર્ષ અગાઉના ગાળામાં ૧૧.૨ ટકાની સામે ૪.૪ ટકા હતો. આર્થિક વિકાસ અંગે પણ વાત કરવામાં આવી છે. આરબીઆઈનો વર્તમાન કેન્દ્રીય અંદાજ વર્ષ ૨૦૧૪-૧૫ માટે ૫.૫ ટકાનો છે. પરંતુ તેમાં તેજી આવી શકે છે. જોકે વૈશ્વિક પર્યાવરણ નબળુ રહે તેવી શકયતા છે. આરબીઆઈની નાણાકીય સમીક્ષા આગામી વર્ષની શરૂઆતમાં જારી થશે. જેમાં રેપોરેટમાં ફેરફાર થાય તેવી વકી છે.

# મોદી લહેરના આધારે ભાજપ દિલ્હીમાં ચુંટણી લડવા તૈયાર

નવી દિલ્હી,તા. ૨૯

સામાન્ય ચુંટણી અને કેટલાક રાજ્યોમાં વિધાનસભાની ચુંટણીમાં સફળતા મેળવી લીધા બાદ ભાજપ આગામી દિલ્હી વિધાનસભાની ચુંટણીમાં પણ મોદી લહેરના આધાર ઉપર આગળ વધવાની યોજના બનાવે છે. મોદી લોકપ્રિયતાનો લાભ લઈને ચુંટણી પ્રચારમાં ઉતરવામાં આવશે. ભાજપે દિલ્હી ચુંટણી માટે બ્લુપ્રિન્ટ તૈયાર કરી લીધી છે. મોદી



પાટનગરમાં ચારથી પાંચ મોટી રેલીઓ કરે તેવી શક્યતા છે. મોટાભાગના વિધાનસભા મતવિસ્તારને આવરી લેવાની પણ યોજના છે. મોદીની પ્રથમ રેલી ૧૦મી જાન્યુઆરી ૨૦૧૫ના દિવસે ઐતિહાસિક રામલીલા મેદાનમાં યોજાશે. ભાજપ શાસિત તમામ રાજ્યોના મુખ્યમંત્રી આમાં ઉપસ્થિત રહે તેવી શક્યતા છે. ૭૦ સભ્યોની વિધાનસભામાં ૪૫થી ૫૦ બેઠકોના ટાર્ગેટ સાથે ભાજપે યોજના તૈયાર કરી છે. ચલો ચલે મોદી કે સાથ...સબકા સાથ સબકા વિકાસ.. દિલ્હી પ્રચાર માટે સ્લોગન બનાવી દેવાયો છે. ભાજપ પાટનગરમાં મુખ્યમંત્રીના પદ માટે કોઈ ઉમેદવારનું નામ જાહેર કરશે નહીં. પરંતુ યોગ્ય સમયે આની જાહેરાત કરાશે. પંજાબી અને જાટ સમુદાયમાં નેટવર્કને મજબુત કરવાની મુખ્ય ગણતરી છે. ૨૦૧૩ની વિધાનસભાની ચુંટણીમાં ભાજપે ૩૨ બેઠકો જીતી હતી. ૨૮ બેઠકો જીત્યા બાદ આમ આદમી પાર્ટીએ કોંગ્રેસના સમર્થનથી સરકાર બનાવી હતી. પરંતુ કેજરીવાલના નેતૃત્વમાં સરકાર ૪૯ દિવસ સુધી જ શાસન કરી શકી હતી. ત્યારબાદથી દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન છે.

# આઈએસ દ્વારા છ માસમાં ૧૮૭૮ને ફાંસી : અહેવાલ

બેરૂત,તા. ૨૯

બ્રિટનમાં સ્થિત એક સિરિયન મોનિટરિંગ સંસ્થાએ ધડાકો કર્યો છે કે ત્રાસવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટે છેલ્લા છ મહિનાના ગાળામાં જ સિરિયમાં ૧૮૭૮ લોકોને ફાંસી આપી દીધી છે. માર્યા ગયેલા મોટા ભાગના લોકો સામાન્ય નાગરિક હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. આ ગાળા દરમિયાન આઈએસના ત્રાસવાદીઓએ પોતાના પણ ૧૨૦ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા છે. કારણ કે આ શખ્સો પોતાના ઘરે પરત જવા ઈચ્છુક હતા. સિરિયા અને ઈરાકમાં અનેક વિસ્તારોમાં સકંજો ધરાવનાર આ જેહાદી સંગઠને અહેવાલના સંબંધમાં કોઈ પ્રતિક્રિયા આપી નથી. આઈએસ દ્વારા જુન મહિનાથી જ સમગ્ર વિસ્તારને ખિલાફત ટેરિટરી જાહેર કરીને તમામની ઉંઘ હરામ કરી દીધી છે. આઈએસના બળવાખોરો સિરિયા અને ઈરાકી સરકાર સામે જંગ છેડી ચુક્યા છે. સિરિયાઈ મોનિટરિંગ ગ્રુપના હેડ રમી અબ્દુલ રહેમાને કહ્યું છે કે ઈસ્લામિક સ્ટેટે ૧૧૭૫ સામાન્ય લોકોને ટાર્ગેટ બનાવીને તેમને મોતને ઘાટ ઉતારી દીધા છે. જેમાં આઠ મહિલાઓ અને ચાર બાળકો સામેલ છે. તેમણે કહ્યું છે કે ૯૩૦ લોકો પુર્વીય સિરિયાના શેતાન નામના એક મુસ્લિમ કબીલાના સભ્યો હતા.

# આસામ હિંસાની અસર : બે લાખથી વધારે લોકો કેમ્પમાં

ગુવાહાટી,તા. ૨૯

આસામમાં હિંસાગ્રસ્ત વિસ્તારોમાં હજુ પણ અજંપાભરી શાંતિ પ્રવર્તી રહી છે. સ્થિતીને હળવી કરવામાં હજુ સમય લાગી શકે છે. હાલમાં બોડો બળવાખોરોએ વ્યાપક આતંક મચાવીને ૮૫ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા બાદ સાવચેતીના પગલારૂપે બે લાખ લોકોને રાહત કેમ્પમાં ખસેડવામાં આવ્યા છે. આ લોકોને તેમના ઘરે પરત પહોંચાડવામાં હજુ સમય લાગી શકે છે. સ્થિતી એકંદરે સુધરી રહી છે પરંતુ લોકોમાં દહેશત છે. સોનિતપુર, કોકરાઝાર, ચિરાંગ અને ઉદલગુડી સહિત તમામ ચારેય જિલ્લામાં સંચારબંધી હળવી કરવામાં આવી છે અને આ ગાળા દરમિયાન હિંસાના કોઇ બનાવ બન્યા નથી પરંતુ હજુ લોકોમાં ભય છે. જુદા જુદા વિસ્તારોમાં રાહત કેમ્પ બનાવવામાં આવ્યા છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં જરૂરી દવા માટે ૧૯.૯ કરોડની દરખાસ્ત મોકલી દેવામાં આવી છે. ૨૩મી ડિસેમ્બરના દિવસે ત્રણ જિલ્લાઓમાં આદિવાસીઓને મોટાપાયે મોતને ઘાટ ઉતારી દેનાર બોડો ત્રાસવાદીઓ સામે સેના અને અન્ય સુરક્ષા દળોએ તીવ્ર બનાવ્યું છે. કેન્દ્ર સરકારે આસામમાં અર્ધલશ્કરી દળોની ૫૦ કંપનીઓ મોકલી છે. આસામ-અરુણાચલમાં પણ ઓપરેશન ચાલી રહ્યું છે. આ ઓપરેશનનુ નામ ઓપરેશન ઓલ આઉટ રાખવામાં આવ્યું છે. રાજ્યમાં બોડો બળવાખોરોનો સફાયો કરવાના હેતુથી આ ઓપરેશન હાથ ધરાયું છે. આસામના કોકરાઝાર અને સોનિતપુર જિલ્લામાં નેશનલ ડેમોક્રેટિક ફ્રન્ટ ઓફ બોડોલેન્ડ (એનડીએફબી)ના બોડો બળવાખારો દ્વારા કરવામાં આવેલા ભીષણ હુમલામાં મોતનો આંકડો વધીને ૮૫ ઉપર પહોંચી ગયો છે. હુમલાના મામલે એનઆઇએ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. આર્મીને હિંસાગ્રસ્ત વિસ્તારોમાં યથાવતરીતે રાખવામાં આવી છે. બળવાખોરોએ આદિવાસી સમુદાયને ટાર્ગેટ બનાવીને આ હુમલો કર્યો હતો. આ હત્યાકાંડ બાદ સમગ્ર આસામમાં રેડ એલર્ટની જાહેરાત કરવામાં આવી હતી. અર્ધલશ્કરી દળની વધારાની ટુકડી એઅસરગ્રસ્ત વિસ્તારોમાં તૈનાત કરવામાં આવેલી છે. ગૃહપ્રધાન રાજનાથસિંહ માર્યા ગયેલા આદિવાસીઓના પરિવારના સભ્યોને પણ મળી ચુક્યા છે. તમામ રાહત કેમ્પમાં જરૂરી ચીજવસ્તુઓ પહોંચાડી દેવામાં આવી છે.